॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# સત્સંગદીક્ષા

## મુખપાઠ શ્રેણી : ૧૨

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

### (ગુજરાતી શ્લોકનું ભાષાંતર)

| | |
|---|---|
| **શ્લોક - ૧૬૬** | અત્યંત આવશ્યક હોય તો પરિશુદ્ધ ભાવનાથી અધિકૃત વ્યક્તિને સત્ય કહેવામાં દોષ નથી. |
| **શ્લોક - ૧૬૭** | જેણે કરીને અન્યનું અહિત થાય, તેને દુ:ખ થાય કે ક્લેશ વધે તેવા આચાર કે વિચાર ક્યારેય ન કરવા. |
| **શ્લોક - ૧૬૮** | સુહૃદયભાવ રાખી ભક્તોના શુભ ગુણોને સંભારવા. તેમનો અવગુણ ન લેવો અને કોઈ રીતે દ્રોહ ન કરવો. |
| **શ્લોક - ૧૬૯** | સુખમાં છકી ન જવું અને દુ:ખમાં ઉદ્વેગ ન પામવો. કારણ કે બધું સ્વામિનારાયણ ભગવાનની ઇચ્છાથી પ્રવર્તે છે. |
| **શ્લોક - ૧૭૦** | ક્યારેય પણ કોઈની સાથે વિવાદ કે કલહ ન જ કરવો. હંમેશાં વિવેકથી વર્તવું અને શાંતિ રાખવી. |
| **શ્લોક - ૧૭૧** | કોઈ પણ મનુષ્યે પોતાનાં વચન, વર્તન, વિચાર તથા લખાણમાં કઠોરતા ક્યારેય ન રાખવી. |
| **શ્લોક - ૧૭૨** | ગૃહસ્થ સત્સંગીએ માતા-પિતાની સેવા કરવી. પ્રતિદિન તેમનાં ચરણોમાં નમસ્કાર કરવા. |
| **શ્લોક - ૧૭૩** | વહુએ સસરાની સેવા પિતાતુલ્ય ગણી અને સાસુની સેવા માતાતુલ્ય ગણી કરવી. સાસુ-સસરાએ પણ પુત્રવધૂનું પોતાની પુત્રીની જેમ પાલન કરવું. |
| **શ્લોક - ૧૭૪** | ગૃહસ્થોએ દીકરા-દીકરીઓનું સત્સંગ, શિક્ષણ વગેરેથી સારી રીતે પોષણ કરવું. અન્ય સંબંધીઓની પોતાની શક્તિ પ્રમાણે ભાવથી સેવા કરવી. |
| **શ્લોક - ૧૭૫** | ઘરમાં મધુર વાણી બોલવી. કડવી વાણીનો ત્યાગ કરવો અને મલિન આશયથી કોઈને પીડા ન પહોંચાડવી. |
| **શ્લોક - ૧૭૬** | ગૃહસ્થોએ પોતાના ઘરમાં ભેગા મળી આનંદે ભોજન કરવું અને ઘરે પધારેલા અતિથિની પોતાની શક્તિ પ્રમાણે સંભાવના કરવી. |
| **શ્લોક - ૧૭૭** | મરણ આદિ પ્રસંગોમાં વિશેષ ભજન-કીર્તન કરવું, કથા કરવી, અક્ષરપુરુષોત્તમ મહારાજનું સ્મરણ કરવું. |
| **શ્લોક - ૧૭૮** | દીકરી કે દીકરા એવાં પોતાનાં સંતાનોને સત્સંગના દિવ્ય સિદ્ધાંતો, સારાં આચરણો અને સદ્‌ગુણો વડે સદા સંસ્કાર આપવા. |
| **શ્લોક - ૧૭૯** | સંતાન જ્યારે ગર્ભમાં હોય ત્યારથી જ તેને સત્સંગ સંબંધી શાસ્ત્રોનું વાંચન વગેરે કરીને સંસ્કાર આપવા અને અક્ષરપુરુષોત્તમ મહારાજને વિષે નિષ્ઠા પૂરવી. |
| **શ્લોક - ૧૮૦** | પુરુષો ક્યારેય કુદૃષ્ટિએ કરીને સ્ત્રીઓને ન જુએ. તે જ રીતે સ્ત્રીઓ પણ કુદૃષ્ટિએ કરીને પુરુષોને ન જુએ. |

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

# સત્સંગદીક્ષા

## મુખપાઠ શ્રેણી : ૧૨

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

### સંસ્કૃત શ્લોકો (ગુજરાતીમાં)

| | |
|---|---|
| **શ્લોક - ૧૬૬**<br>અત્યંતાવશ્યકે નૂનં પરિશુદ્ધેન ભાવતઃ।<br>સત્યપ્રોક્તૌ ન દોષઃ સ્યાદ્ અધિકારવતાં પુરઃ ॥ ૧૬૬ ॥ | **શ્લોક - ૧૭૪**<br>પુત્રપુત્ર્યશ્ચ સત્સંગશિક્ષણાદિના।<br>અન્યે સંબંધિનઃ સેવ્યા યથાશક્તિ ચ ભાવતઃ ॥ ૧૭૪ ॥ |
| **શ્લોક - ૧૬૭**<br>વા વિચારો વા તાદૃગ્ કાર્યો ન કર્હિચિત્।<br>અન્યેષામ્ અહિતં દુઃખં યેન સ્યાત્ ક્લેશવર્ધનમ્ ॥ ૧૬૭ ॥ | **શ્લોક - ૧૭૫**<br>ગૃહે હિ મધુરાં વાણીં વદેદ્ ત્યજેત્ કટુમ્।<br>કમપિ પીડિતં નૈવ પ્રકુર્યાદ્ મલિનાશયાત્ ॥ ૧૭૫ ॥ |
| **શ્લોક - ૧૬૮**<br>ભક્તાનાં શુભગુણગણાન્ સ્મરેત્।<br>ન ગ્રાહ્યોવગુણસ્તેષાં દ્રોહઃ કાર્યો ન સર્વથા ॥ ૧૬૮ ॥ | **શ્લોક - ૧૭૬**<br>મિલિત્વા ભોજનં કાર્યં ગૃહસ્થૈઃ સ્વગૃહે મુદા।<br>અતિથિર્હિ યથાશક્તિ સંભાવ્ય આગતો ગૃહમ્ ॥ ૧૭૬ ॥ |
| **શ્લોક - ૧૬૯**<br>નોચ્છૃંખલો ભૂયાદ્ દુઃખે નોદ્વેગમાપ્નુયાત્।<br>સ્વામિનારાયણેચ્છાતઃ સર્વં પ્રવર્તતે યતઃ ॥ ૧૬૯ ॥ | **શ્લોક - ૧૭૭**<br>મરણાદિપ્રસંગેષુ કથાભજનકીર્તનમ્।<br>કાર્યં વિશેષતઃ સ્માર્યો હ્યક્ષરપુરુષોત્તમઃ ॥ ૧૭૭ ॥ |
| **શ્લોક - ૧૭૦**<br>કલહો વાપિ નૈવ કાર્યઃ કદાચન।<br>વર્તિતવ્યં વિવેકેન રક્ષ્યા શાંતિશ્ચ સર્વદા ॥ ૧૭૦ ॥ | **શ્લોક - ૧૭૮**<br>સ્વસ્ય સંસ્કાર્યા સંતતિઃ સદા।<br>સત્સંગદિવ્યસિદ્ધાંતૈઃ સદાચારૈશ્ચ સદ્‌ગુણૈઃ ॥ ૧૭૮ ॥ |
| **શ્લોક - ૧૭૧**<br>વર્તને ક્વાપિ વિચારે લેખને તથા।<br>કઠોરતાં ભજેન્નૈવ જનઃ કોપિ કદાચન ॥ ૧૭૧ ॥ | **શ્લોક - ૧૭૯**<br>સત્સંગશાસ્ત્રપાઠાદ્યૈર્ગર્ભસ્થામેવ સંતતિમ્।<br>સંસ્કુર્યાત્ પૂરયેન્ નિષ્ઠામ્ અક્ષરપુરુષોત્તમે ॥ ૧૭૯ ॥ |
| **શ્લોક - ૧૭૨**<br>માતુઃ પિતુઃ કુર્યાદ્ ગૃહી સત્સંગમાશ્રિતઃ।<br>પ્રતિદિનં નમસ્કારં તત્પાદેષુ નિવેદયેત્ ॥ ૧૭૨ ॥ | **શ્લોક - ૧૮૦**<br>કુદૃષ્ટ્યા પુરુષૈર્નૈવ સ્ત્રિયો દૃશ્યાઃ કદાચન।<br>એવમેવ કુદૃષ્ટ્યા ચ સ્ત્રીભિર્દૃશ્યા ન પૂરષાઃ ॥ ૧૮૦ ॥ |
| **શ્લોક - ૧૭૩**<br>પિતૃવત્ સેવ્યો વધ્વા શ્વશ્રૂશ્ચ માતૃવત્।<br>સ્વપુત્રીવત્ સ્નુષા પાલ્યા શ્વશ્રવાપિ શ્વશુરેણ ચ ॥ ૧૭૩ ॥ | |